**તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૩૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૫ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૬, મંગળવાર ; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યૂઝ

- આવાસ સેક્ટરમાં પ્રાણ ફૂંકવા શ્રેણીબદ્ધ રાહતની માંગ કરાઈ
- ડાયમંડ સેક્ટર માટે ટેક્સ રાહતો આપવાની તૈયારી
- ઉત્તર પ્રદેશ ચૂંટણી પહેલા જેડીયુ અને આરએલડી મર્જ થઇ જશે
- માલેગાંવ બ્લાસ્ટ : પ્રજ્ઞા અને પુરોહિતને રાહત મળશે નહી
- સાનિયા-હિંગિસ ફરી વખત ડબલ્સ ચેમ્પિયન બની ગઇ
- શેરબજારમાં રિકવરી : ૫૬૮ પોઇન્ટનો મોટો ઉછાળો રહ્યો
- યાત્રીઓને રાહત : રેલવે બજેટમાં પ્રવાસી ભાડામાં વધારો નહીં થાય
- ટ્રેનમાં ઘર જેવા અનુભવ માટે સ્માર્ટ કોચ ગોઠવાશે

# રાહુલ રાષ્ટ્રવિરોધીઓને ટેકો આપે છે : અમિત શાહ

### સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી દેશના લોકોની માફી માંગે : અફઝલ ગુરુના સમર્થકો અને દેશદ્રોહીઓને ટેકો આપીને રાહુલ કયા પ્રકારની દેશભક્તિ ભાવના દર્શાવી રહ્યા છે : અમિત શાહનો પ્રશ્ન

## યુનિવર્સિટીમાં પણ ત્રાસવાદ દેખાય છે : રાહુલ

જોરહાટ,તા. ૧૫

આસામના જોરહાટમાં ચૂંટણી પ્રચાર કરતા રાહુલ ગાંધીએ આજે ચૂંટણી સભાને સંબોધી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આસામમાં ચૂંટણી હોવાના પરિણામ સ્વરુપે ભાજપ અને સંઘના લોકો મેદાનમાં આવી ગયા છે. જેએનયુ વિવાદનો મુદ્દો અહીં પણ છવાયો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભાજપ અને સંઘને દરેક જગ્યાએ ત્રાસવાદ દેખાય છે. યુનિવર્સિટીમાં પણ ત્રાસવાદ દેખાય છે. તેમણે ઉમેર્યુ હતું કે, ભાજપ અને સંઘના લોકો ભાષણબાજી કરવામાં અને ખોટા વચનો આપવા માટે જાણિતા રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગાઉ ભાષણબાજી કરી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી મોટા મોટા ભાષણો આપી રહ્યા છે. મેક ઈન ઈન્ડિયા, ક્લિન ઈન્ડિયાની વાત દરરોજ કરી રહ્યા છે. નવા સ્લોગનો આપવામાં આવી રહ્યા છે.

નવીદિલ્હી, તા. ૧૫

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના બનાવને લઈને રાજકીય ગરમી વધી રહી છે. જેએનયુ મુદ્દે આજે કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢતા ભાજપના પ્રમુખ અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી રાષ્ટ્ર વિરોધી તત્વોને ટેકો આપી રહ્યા છે. અમિત શાહે કહ્યું હતુ કે, કોંગ્રેસ પાર્ટી કેટલી હદે ભાંગી પડી છે કે હવે રાષ્ટ્રવિરોધી તત્વોને ટેકો આપવાની ફરજ પડી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લીડરશીપ હેઠળ કેન્દ્રમાં રહેલી સરકાર એક પછી એક સફળતા મેળવી રહી છે ત્યારે સફળતાના લાભ મેળવવાના બદલે



બિનજરૂરી આક્ષેપબાજીમાં કોંગ્રેસ પાર્ટી વ્યસ્ત છે અને હવે રાષ્ટ્રવિરોધી તત્વોને ટેકો આપવામાં પણ આગળ આવી રહ્યા છે. કોંગ્રસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ દેશ સમક્ષ માફી માંગવી જોઈએ અને આ મુદ્દે પાર્ટીનું વલણ શું છે તે અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. કોંગ્રેસ લીડરશીપ ઉપર તેજાબી પ્રહારો કરતા અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસના ઉપપ્રમુખ આત્મવિશ્વાસ ગુમાવી ચુક્યા છે. રાષ્ટ્ર વિરોધી તત્વો વચ્ચે પણ હવે તેઓ ભેદ કરી શકતા નથી. કેન્દ્ર સામે લડવામાં નિષ્ફળ રહેલા રાહુલ હવે બિનજરૂરી મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. દેશમાં અલગતાવાદીઓને ટેકો આપવાની કેમ ફરજ પડી રહી છે.

# દેશનું સૌથી સ્વચ્છ શહેર મૈસુર : સુરત છઠ્ઠા ક્રમે

### સૌથી સ્વચ્છ શહેરોની યાદીમાં સુરત અને રાજકોટનો સમાવેશ : સૌથી ખરાબ શહેરોમાં વારાણસી પણ સામેલ



નવીદિલ્હી,તા. ૧૫

સ્વચ્છ ભારત અભિયાન પર દેશના શહેરોની સ્વચ્છતાના સંદર્ભમાં રેંકિંગ જાહેર કરી દેવામાં આવી છે. આ યાદીમાં ૭૩ શહેરોને સાફ સફાઈની દ્રષ્ટિએ રેંકિંગ આપવામાં આવી છે. સાફ સફાઈની દ્રષ્ટિએ યાદીમાં દિલ્હી ચોથા સ્થાને છે. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી યાદી સર્વે બાદ જારી કરાઈ છે. દેશના સ્વચ્છ શહેરોમાં પ્રથમ સ્થાન પર કર્ણાટકના મૈસુર શહેર છે જ્યારે બીજા સ્થાન સ્થાન પર ચંદીગઢ, ત્યારબાદ તિરુચિરાપલ્લી, દિલ્હી, વિશાખાપટ્ટનમ, સુરત, રાજકોટ, ગંગટોક, ચિંચવાડ, ગ્રેટર મુંબઈનો સમાવેશ થાય છે. આ સર્વેની કામગીરી વર્ષ ૨૦૧૪માં હાથ ધરવામાં આવી હતી. દેશના સૌથી ખરાબ ૧૦

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ પ્રદેશ પ્રમુખની ૧૯મીએ વરણી થશે

### વિજય રૂપાણીનું નામ ઉપસી રહ્યુ છે : શર્મા-મેઘવાલ મંગળવારે ગુજરાત આવી રહ્યા છે



ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પ્રદેશ ભાજપના નવા પ્રમુખની જાહેરાત આગામી ૧૯મી ફેબ્રુઆરીએ થશે. આ મહત્વની ચૂંટણી માટે ગુજરાતના પ્રભારી દિનેશ શર્મા અને ચૂંટણી અધિકારી શ્રી મેઘવાલ મંગળવારે સાંજે ગુજરાત આવી રહ્યા છે.

ભાજપના આંતરિક વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવા પ્રદેશ પ્રમુખ તરીકે હાલ વાહન વ્યવહાર મંત્રી શ્રી વિજય રૂપાણીનું નામ સૌથી મોખરે છે. જો કે આ હોદ્દા માટે મનસુખ માંડવિયા, પુરૂષોત્તમ રૂપાલા, કૌશિક પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે. જાડેજા અને પ્રદીપસિંહ જાડેજાના નામો પણ ચર્ચામાં આવ્યા હતા.

જો કે હજુ નવા પ્રદેશ પ્રમુખનુ કોકડુ ગુંચવાયેલુ હોવાનું જ પક્ષના કાર્યકર્તાઓ માની રહ્યા છે. ભાજપના નવા પ્રદેશ પ્રમુખની વરણી ઉપરાંત રાજ્યના કેટલાક શહેરી વિસ્તારના સંગઠ્ઠનોની વરણી પણ બાકી છે.

વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થાય તે પૂર્વે આ વિવાદનો ઉકેલ લાવવા પૂર્વ પ્રભારી શ્રી ઓમ માથુર પણ ગુજરાત આવી ચુક્યા છે અને કાર્યકર્તાઓને મળી પરિસ્થિતિનો અભ્યાસ કરી રહ્યા છે.

આજે પાટનગરમાં એકાએક જ વિજય રૂપાણીનુ નવુ નામ આ રેસમાં ઉપસી આવ્યુ છે. બુધવારે આ બાબતે ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યુ છે. આ પછી ગુરૂવારે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે અને શુક્રવારે ચૂંટણી પ્રક્રિયા થશે તેવા સંકેતો ભાજપના સૂત્રો આપી રહ્યા છે.






# અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરી ૨૦૧૮થી આરંભાશે

### પાંચ વર્ષના ગાળામાં કામગીરી પૂર્ણ કરાશે : જાપાન સરકાર ૯૮૦૦૦ કરોડના પ્રોજેક્ટ ખર્ચ પૈકીના ૮૧ ટકા રકમ સોફ્ટ લોન તરીકે આપવા તૈયાર થઇ છે

નવી દિલ્હી,તા. ૧૫

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ ઉપર કામ ૨૦૧૭ના અંત સુધી અથવા તો ૨૦૧૮ની શરૂઆતમાં શરૂ થશે અને આને પાંચ વર્ષના ગાળામાં પરિપૂર્ણ કરી લેવામાં આવશે. રેલવે બોર્ડના ચેરમેન એકે મિત્તલે માહિતી આપતા કહ્યું છે કે, અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોર ઉપર સમયસર કામ પૂર્ણ કરવાને પ્રાથમિકતા આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા મહત્વપૂર્ણ અને મહત્વકાંક્ષી પ્રોજેક્ટો પૈકીના એક તરીકે મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ કોરિડોર પ્રોજેક્ટને જોવામાં આવે છે. સરકાર આને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. મિત્તલે કહ્યું હતું કે, જાપાન ઈન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી કુલ ૯૮૦૦૦ કરોડના પ્રોજેક્ટ ખર્ચ પૈકી ૮૧ ટકા ફંડ આપનાર છે. સોફ્ટ લોન તરીકે આ રૂપિયા મળશે જેને ૫૦ વર્ષની અવધિમાં ચુકવવામાં આવશે. ૦.૧ ટકાના વ્યાજદર સાથે ૧૫ વર્ષમાં સ્વૈચ્છિક ગાળો પણ રહેશે.

મિત્તલે કહ્યું હતું કે, રેલવે બીકેસી ખાતે આ પ્રોજેક્ટ માટે અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન બનાવવાની પણ યોજના ધરાવે છે. રાજ્ય સરકાર ભૂતકાળમાં આ વાત કરી ચુકી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, રાજ્ય સરકારે બીકેસી ખાતે ફાઈનાન્સ સેન્ટર સ્થાપિત કરવાનો નિર્ણય કરી ચુકી છે. બુલેટ ટ્રેન માટે સ્ટેશનને લઈને પણ કાળજી રાખવામાં આવશે. સ્ટેશનો ત્રણ માળના અન્ડરગ્રાઉન્ડ રહેશે. મિત્તલનું કહેવું છે કે, મંત્રણાની પ્રક્રિયા સરકાર સાથે ચાલી રહી છે.


